# બાલકથાકાવ્યોની અનેરી સૃષ્ટિ | નટવર પટેલ

[**સસ્સાભૈ અને સોનપરી :** રમેશ ત્રિવેદી, રન્નાદે, ૨૦૦૩, અમદાવાદ, પૃ. ૨૮+૮, કિં. રૂ. ૩૬]

બાળસાહિત્યમાં કેટલાક સર્જકો લખે છે ઓછું પરંતુ એમના પ્રદાનથી બાળસાહિત્ય ગુણવત્તાની દૃષ્ટિએ સમૃદ્ધ બને છે. એવા સર્જકમાં એક નામ છે કડીનિવાસી લઘુકથાસર્જક રમેશ ત્રિવેદીનું. એમના બાળસાહિત્યથી બાળવાચકોની અપેક્ષાઓ પરિપૂર્ણ થતી લાગે છે.

ગુજરાતી બાળકવિતામાં બાલકથાકાવ્યો ઓછાં લખાય છે. વળી, જે લખાય છે તે સરળ, બાળભોગ્ય અને અંતમાં ચમત્કૃતિ સર્જે તેવાં ઓછાં હોય છે. રમેશભાઈ અહીં આ પ્રકારનાં સત્તર બાલકથાકાવ્યોનો રસથાળ લઈ હાજર થયા છે. તેમાંનું વિષયવૈવિધ્ય ઊડીને આંખે વળગે તેવું છે. અહીં ‘કીડી અને વંદો’ છે તો ઉંદર અને બિલ્લી પણ છે.

બાળકાવ્યોમાં કવિને અનુપ્રાસો તથા લય હાથવગાં છે.

**સસ્સાભૈ તો પેન્ટ પહેરે, પહેરે ઉપર કોટ,**
**એક દિવસ એ દરિયે પહોંચ્યા લૈને નાની બોટ.** (પૃ. ૨)

તો વળી, આ જુઓ :

**‘મમ્મી, મમ્મી !... પિન્ટુડાએ ખેંચી મારી ચોટી,**
**બોચી પકડી મુક્કી મારી, પેટમાં ગૈ લખોટી.’** (પૃ. ૭)

કથાગીતો હોવાથી કેટલીક રચનાઓ લાંબી થઈ છે, છતાં બાળકોને તે ગમશે, કારણ કે તેની રજૂઆત સહજ અને સરળ છે. તેમાં રમૂજી વર્ણનો છે. ને વળી, સંવાદો પણ ખરા. ‘જૂઠાને કોણ આપે દાદ ?’માં ગોપાલ અને ખેડૂતો વચ્ચેનો આ સંવાદ જુઓ :

**ઉતાવળા સહુ બોલે બોલ :**
**‘ક્યાં છે વાઘ ? મોઢું ખોલ !’**
**ગોપાલભૈ તો એવા હસે,**
**માથું ખણતાં થોડા ખસે.**
**‘શાનો વાઘ ને શાની વાત ?**
**આ તો કેવળ છે ઉધમાત.’** (પૃ. ૫)

બાળકથામાં એકાદ પંક્તિનું આવર્તન પણ નાદમાધુર્ય ઊભું કરે છે. ‘છોટુ, મોટુ ને બંદર’ બાળકાવ્યમાં ‘વાહ ભૈ વાહ કેવી મજા !’ પુનરાવર્તન પામે છે, પણ તે પુનરાવર્તન બાળવાચકોને ગમે તેવું છે.

જાણીતા કવિ રમણલાલ સોની કહે છે કે બાલકથાકાવ્યમાં કેવળ વર્ણન હોય તે ન ચાલે, વિનોદ સાથે કશું નક્કર, મૂલ્યોનો પુરસ્કાર કરે તેવું તત્ત્વ પણ હોવું જોઈએ. એ વગરની બાલકથા કેવળ કથા બની રહે છે. અહીં રમેશભાઈનાં આ કથાકાવ્યોમાં આપણને આવું કશુંક નક્કર તત્ત્વ જોવા મળે છે. જેમકે ‘કીડી અને વંદો’ કથાકાવ્યમાં વંદાના ગંદાપણા સામે કીડીનું ચોખ્ખાપણું મૂકીને કવિએ બાળકોને ચોખ્ખાઈનો મહિમા સમજાવ્યો છે. એ જ રીતે ‘સસ્સાભૈ અને સોનપરી’માં સાહસ છે, તો ‘કેવા મજાના ઉંદર રે’માં રખડપટ્ટીનો આનંદ વ્યક્ત થાય છે. દરેક રચનામાં આવું સત્ત્વરૂપી તત્ત્વ જોવા મળે છે. આ બાબત આ કથાકાવ્યોને સફળતા ભણી દોરી જાય છે.

ટૂંકમાં કહીએ તો આ ૧૭ રચનાઓ બાલદોસ્તોને ગમશે. એટલું જ નહીં, પરંતુ એમાંનાં પાત્રોની જેમ હોશિયાર, બહાદુર, ચોખ્ખાં, સતર્ક થવાની પ્રેરણા પણ પૂરી પાડશે. રમેશભાઈના આ સંગ્રહને હું સહર્ષ આવકારું છું.